પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૧ | ૩ ફેબ્રુઆરી, ૨૦૨૩, શુક્રવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સોનાના ભાવ ઐતિહાસિક સપાટીએ

## ચાંદીના ભાવ પણ આસમાને પહોંચ્યા : બજેટમાં સોના-ચાંદી પર કસ્ટડી ડ્યૂટી વધારવા જાહેરાત : સોનાના ભાવમાં ગત ૪ માસમાં ૯૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો ઉછાળો નોંધાયો : ચાંદી ૭૧૨૮૦ ઉપર



નવી દિલ્હી, તા.૨

બજેટમાં સોના-ચાંદી પર કસ્ટડી ડ્યૂટી વધારવાની જાહેરાત કરાયા બાદ બુધવારે સોનું ૫૭૯૧૦ના ઓલ ટાઈમ હાઈના સ્તરે પહોંચી ગયું હતું અને આજે એમસીએક્સ પર ૧.૧૧ ટકા ચઢીને ૫૮૫૨૫ રૂપિયાએ પહોંચી ગયું છે.

ચાંદી પણ ૨.૦૬ ટકાના વધારા સાથે ૭૧૨૮૦ રૂપિયાના ભાવે પહોંચી ગઈ હતી. એમસીએક્સ પર સોના-ચાંદીનો આ ભાવ ક્રમશઃ ૫ એપ્રિલ અને ૩ માર્ચનો વાયદો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં તેજી અને ઘરેલુ માગને લીધે સોનાના ભાવમાં ગત ૪ મહિનામાં ૯૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો ઉછાળો નોંધાયો છે. જોકે નવા વર્ષના પહેલા જ મહિનામાં સોનાના ભાવમાં ૪૦૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો છે.

ઉલ્લેખનીય છે કે બજેટ આવ્યા બાદ નિષ્ણાતોનું માનવું છે કે હવે સોનાનો ભાવ ૬૫૦૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ સુધી પહોંચવાની શક્યતાઓ વધી ગઈ છે. જ્યારે ચાંદીમાં પણ ઉછાળો જોવા મળશે. બજેટ ભાષણમાં પણ નાણામંત્રી નિર્મલા સીતારમણે

● અનુસંધાન પાન-૭ પર

# અદાણીની સંપત્તીમાં વધુ ૨૦ અબજનો ઘટાડો થયો

## વિશ્વના અમિરોની ફોર્બ્સની યાદીમાં અદાણી પછડાયા : અદાણી પાસે હવે ૬૭.૮ અબજ ડોલરની નેટવર્થ છે જે આઠ દિવસ અગાઉ ૧૨૦ અબજ ડોલરથી વધારે હતી

નવી દિલ્હી, તા.૨

ફોર્બ્સની દુનિયાના ટોપ-૧૦ અમીરોની યાદીમાં ગૌતમ અદાણી ઝડપથી નીચે ઉતરી રહ્યા છે. હજુ એક સપ્તાહ અગાઉ તેઓ આ લિસ્ટમાં ત્રીજા ક્રમે હતા, પરંતુ હિન્ડનબર્ગ રિસર્ચનો રિપોર્ટ આવતા જ તેમની સંપત્તિ એટલી ઝડપથી ઘટાવા લાગી કે ત્રણ દિવસમાં તેઓ ટોપ-૧૦માંથી બહાર નીકળી ગયા હતા. હવે તેમની સંપત્તિમાં વધુ ૨૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે અને આજે છેક ૧૬મા ક્રમે પહોંચી ગયા છે. ગૌતમ અદાણી પાસે હવે ૬૭.૮ અબજ ડોલરની નેટવર્થ છે જે લગભગ આઠ દિવસ અગાઉ ૧૨૦ અબજ ડોલરથી વધારે હતી. આ રીતે અદાણીના શેર તૂટતા જશે તો તેઓ ટોપ-૨૦ ધનિકોની યાદીમાંથી પણ બહાર નીકળી જાય તેવી શક્યતા છે.

ગૌતમ અદાણીની કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસનો ૨૦ હજાર કરોડનો એફપીઓરદ કરવાની જાહેરાત પછી તેના શેરોમાં વધુ પાંચથી ૧૦ ટકાની લોઅર સર્કિટ લાગી છે. ગૌતમ અદાણીની સંપત્તિમાં ૨૪ કલાકમાં વધુ ૨૩ ટકાનો એટલે કે ૨૦ અબજ ડોલરનો ઘટાડો થયો છે.

ફોર્બ્સની ટોપ-૧૦ અબજપતિઓની યાદીમાં ભારતમાંથી હવે માત્ર મુકેશ અંબાણી સ્થાન ધરાવે છે. અંબાણી અત્યારે ૧૦મા ક્રમે છે. અમેરિકાનું બર્નાર્ડ આર્નોલ્ટ ફેમિલી ૨૧૨ અબજ ડોલરની સંપત્તિ સાથે પહેલા ક્રમે છે, જ્યારે બીજા ક્રમ પર ટ્વિટરના માલિક ઈલોન મસ્ક છે. મસ્ક પાસે ૧૮૩ અબજ ડોલરની સંપત્તિ છે અને ૨૪ કલાકમાં તેમાં ૫.૨ અબજ ડોલરનો વધારો થયો છે. ત્રીજા સ્થાને એમેઝોનના જેફ બેઝોસ છે જેઓ ૧૨૮ અબજ ડોલરની સંપત્તિ ધરાવે છે, જ્યારે ઓરેકલના માલિક લેરી એલિસન ૧૧૪ અબજ ડોલરની સંપત્તિ સાથે ચોથા સ્થાને છે.

# પાક.ના કબ્જાવાળા કાશ્મીરમાં ભૂખમરો અને બેરોજગારી

**રસ્તા પર ઉતર્યા લોકો, નેતાઓ વિદેશ ભાગ્યા : પાક.ના કબ્જાવાળા કાશ્મીર, ગિલગિત-બાલ્ટિસ્તાનમાં લોકો ઘઉંનો લોટ, દાળ અને વીજળીની સપ્લાઈ જેવી માગને લઈને રસ્તા પર ઉતરી વિરોધ કરી રહ્યા છે**

નવી દિલ્હી,તા.૨

પાકિસ્તાનના કબ્જાવાળા કશ્મીર ગિલગિત-બાલ્ટિસ્તાનમાં લોકો પોતાની દૈનિક જરુરિયાતની વસ્તુની માગને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરમાં ઝડપથી ઘટી રહેલી નોકરીઓ અને બેરોજગારીને લઈને લોકોમાં નારાજગીમાં છે. પીઓકેમાં આ નારાજગી ત્યારે વધી, જ્યારે આ વિરોધ પ્રદર્શનની વચ્ચે પીઓકેના રાષ્ટ્રપતિ બૈરિસ્ટર સુલ્તાન મહમૂદ ચૌધરી બે અઠવાડીયાની વિદેશ યાત્રા પર જતા રહ્યા. પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીર, ગિલગિત-બાલ્ટિસ્તાનમાં લોકો ઘઉંનો લોટ, દાળ અને વીજળીની સપ્લાઈ જેવી માગને લઈને રસ્તા પર ઉતરી વિરોધ કરી રહ્યા છે. પીઓકેના લોકો ઝડપથી વધતી મોંઘવારી અને બેરોજગારી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ વિરોધ પ્રદેશ એવા સમયે થઈ રહ્યું છે, જ્યારે પાકિસ્તાનમાં પણ આર્થિક સંકટ ઘેરાયેલું છે. પુર અને દેશના ખાદ્ય સંકટથી પ્રભાવિત પીઓકેના નાગરિક લાંબા સમયથી તમામ સ્તર પર નેતૃત્વની નિષ્ફળતા વેઠી રહ્યા છે. પણ આ તમામની વચ્ચે પાકિસ્તાનના કબ્જાવાળા કશ્મીરના લોકોને સૌથી વધારે ત્યારે માઠો અનુભવ થયો જ્યારે તથાકથિત રાષ્ટ્રપતિ બૈરિસ્ટર સુલ્તાન મહમૂદ

● અનુસંધાન પાન-૭ પર

# આતંકવાદીઓએ પ્રથમ વખત પરફ્યુમ આઈઈડીનો ઉપયોગ કર્યો

## જમ્મુના નરવાલ ટ્રાન્સપોર્ટ યાર્ડમાં ૨૦મીએ થયેલા બે આઈઈડી બ્લાસ્ટના આરોપમાં સરકારી શિક્ષકની ધરપકડ

જમ્મુ, તા.૨

જમ્મુ-કાશ્મીરના ડીજીપી દિલબાગ સિંહે પાકિસ્તાનને આડે હાથ લીધું હતું. તેમણે પાડોશી દેશ પર આતંકવાદ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન પોતાની ધરતી પરથી આતંકવાદ ફેલાવવા અને વિશ્વભરમાં સેંકડો નિર્દોષ લોકોની હત્યા કરવા માટે કુખ્યાત છે. જમ્મુ-કાશ્મીર તેના નિશાના પર છે. પાકિસ્તાન જમ્મુ-કાશ્મીરમાં લોકોને સાંપ્રદાયિક રીતે વિભાજિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ઘાટીમાં પહેલીવાર પરફ્યુમ આઈઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ડીજીપીએ નરવાલ હુમલા વિશે જાણકારી આપતા કહ્યું કે, ૨૦ જાન્યુઆરીના રોજ બે બોમ્બ લગાવવામાં આવ્યા હતા. ૨૧ જાન્યુઆરીએ શક્ય તેટલા લોકોને મારવા માટે ૨૦ મિનિટના અંતરે બે બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યા હતા. પહેલા આઈઈડી બ્લાસ્ટ બાદ ૯ લોકો ઘાયલ થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીથી મુંબઈ હવે ૧૨ કલાકમાં પહોંચાશે

## સોહનાથી દૌસા સુધીના કોરિડોરનું ૧૨મીએ ઉદઘાટન : ૧૫૦ કિમી અંતર ઘટશે : દિલ્હીથી દૌસા વચ્ચે એક્સપ્રેસ વે પર કુલ ૮ એન્ટ્રી પોઈન્ટ અને ૮ એક્ઝિટ પોઈન્ટ હશે

નવી દિલ્હી, તા.૨

આ વખતના બજેટમાં સરકારે સડક અને પરિવહન મંત્રાલય માટે ૨.૭૦ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. જેમાં સામાન્ય લોકો માટે આ વખતે એક મોટી સમસ્યાનું નિરાકરણ આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોહનાથી દૌસા સુધીના દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેના કોરિડોરનું ૧૨ ફેબ્રુઆરીએ ઉદઘાટન કરશે. આ એક્સપ્રેસ વે તૈયાર થતા જ દિલ્હીથી મુંબઈ વચ્ચેની મુસાફરીનો અંતર ૨૪ કલાકથી સીધો ઘટીને ૧૨ કલાક થઈ જશે.



# પાકિસ્તાનના પૂર્વ મંત્રી શેખ રશીદની ધરપકડ કરાઈ

ઈસ્લામાબાદ, તા.૨

પાકિસ્તાનના પૂર્વ ગૃહમંત્રી શેખ રશીદની ઈસ્લામાબાદ પોલીસે ધરપકડ કરી છે. તેમની ધરપકડ ગઈકાલે મુરી મોટરવે પરથી કરવામાં આવી હતી. શેખ રશીદની સાથે તેના ભત્રીજા શેખ રશીદ શફીકની પણ ધરપકડ કરવામાં આવી છે. જો કે ધરપકડને લઈને શેખ રશીદનો દાવો છે કે રાવલપિંડીમાં તેમના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી. શેખ રાશિદ અવામી મુસ્લિમ લીગના વડા અને પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના વડા છે અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનના નજીકના છે. ઈમરાન ખાનની સરકારમાં જ શેખ રશીદે પાકિસ્તાનના ગૃહમંત્રીનું પદ સંભાળ્યું હતું. તાજેતરમાં જ પોલીસે પીટીઆઈ નેતા અને ઈમરાન ખાનના નજીકના સાથી ફવાદ ચૌધરીની પણ ધરપકડ કરી હતી.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા રાજા ઈનાયત ઉર રહેમાનની ફરિયાદ પર શેખ રશીદની ધરપકડ કરવામાં આવી છે.

# કોહલીએ ગિલની પ્રશંસા કરતા તેને સિતારો ગણાવ્યો

નવી દિલ્હી, તા.૨

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ બુધવારે અમદાવાદમાં રમાયેલી ત્રીજી અને નિર્ણાયક ટી૨૦ ક્રિકેટ મેચ અગાઉ ઘણા વર્તમાન અને ભૂતપૂર્વ ક્રિકેટર્સ ટીમ ઈન્ડિયામાં શુભમન ગિલને મળી રહેલી તકની ટીકા કરી રહ્યા હતા. જોકે, નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શુભમન ગિલે ધમાકેદાર બેટિંગ કરીને તમામ ટીકાકારોના મોઢા બંધ કરી દીધા છે. આ ઉપરાંત તે ટી૨૦માં ભારત માટે સૌથી મોટી ઈનિંગ્સ રમનારો બેટર પણ બની ગયો છે. ગિલની બેટિંગથી વિરાટ કોહલી ઘણો જ પ્રભાવિત થયો છે. વિરાટ કોહલીએ શુભમન ગિલની પ્રશંસા કરી છે. કોહલીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર ગિલની પ્રશંસા કરતા તેને સિતારો (સ્ટાર) ગણાવ્યો છે.

# બે સીટ પર ચૂંટણી લડતા રોકવાની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

## બે સીટ પર લડનાર ઉમેદવાર એક સીટ છોડે તો મતદારો સાથે અન્યાય

નવી દિલ્હી, તા.૨

દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમકોર્ટે કોઈ ઉમેદવારને ૨ સીટ પર ચૂંટણી લડતા રોકવાની માગ કરતી અરજી ફગાવી દીધી છે. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કાયદો બનાવવાનું કામ તો સંસદનું છે અમારું નહીં. જો તેમને યોગ્ય લાગતું હોય તો તે કાયદો બનાવે.

અરજીમાં અરજદારે કહ્યું હતું કે કોઈ ૨ જગ્યાએથી ચૂંટણી લડી અને પછી એક સીટ છોડી દે આ તો મતદારો સાથે અન્યાય ગણાય. તેનું ભારણ તો સરકારી ભંડોળ પર જ પડે છે ને. ૨૦૧૭માં એડવોકેટ અશ્વિની ઉપાધ્યાય તરફથી દાખલ આ અરજી પર અગાઉ સુનાવણીમાં કેન્દ્ર સરકારે તેનો વિરોધ કર્યો હતો.

કેન્દ્ર સરકારે આ અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે લોકપ્રતિનિધિત્વ કાયદાની કલમ ૩૩ (૭)માં એ વાતની મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

# તમિલનાડુમાં ભારે વરસાદના પગલે જળબંબાકાર

## તમિલનાડુમાં ભારે વરસાદના કારણે શાળા-કોલેજ બંધ : દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનને કારણે દરિયાકાંઠાના રાજ્યમાં વરસાદ થઈ રહ્યો છે



તિરુવરુર, તા.૨

દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યમાં કમોસમી વરસાદે સ્થિતિ વધુ ખરાબ કરી છે. રાજધાની ચેન્નાઈ સહિત તિરુવરુર અને અન્ય જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. બુધવાર રાતથી પડી રહેલા વરસાદને કારણે અહીંની શાળા-કોલેજો પણ બંધ કરી દેવામાં આવી છે. તિરુવરુર જિલ્લામાં શાળાઓ બંધ કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે. વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા ડિપ્રેશનને કારણે દરિયાકાંઠાના રાજ્યમાં વરસાદ થઈ રહ્યો છે. ત્યારે તે ખૂબ જ અસમાન્ય છે કે જાન્યુઆરી-ફેબ્રુઆરી મહિનામાં બંગાળની ખાડીમાં ડિપ્રેશન જેવી સ્થિતિ ઊભી થઈ છે. નિષ્ણાતો કહે છે કે ૧૯૭૧ પછી આ ૯મી વખત છે જ્યારે બંગાળની ખાડીમાં આવી હવામાનની સ્થિતિ સર્જાઈ છે.

હવામાન અહેવાલ અનુસાર, તમિલનાડુ, પુડુચેરી, લક્ષદ્વીપ, કરાઈકલ, કેરળ અને માહેમાં ગાજવીજ સાથે વરસાદની અપેક્ષા છે.

